દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૯ ફેબ્રુઆરી, ૨૦૨૬

# અમેરિકાનું યુદ્ધ જહાજ અબ્રાહમ લિંકન તરતા કિલ્લાથી ઓછું નથી

જ્યારે આપણે આધુનિક નૌકાદળની શક્તિ અને વૈશ્વિક પ્રભુત્વની વાત કરીએ છીએ, ત્યારે યુએસએસ અબ્રાહમ લિંકન નું નામ ગૌરવ સાથે લેવામાં આવે છે. નિમિત્ઝ-ક્લાસનું આ પાંચમું પરમાણુ સંચાલિત એરક્રાફ્ટ કેરિયર માત્ર એક જહાજ નથી, પરંતુ સમુદ્ર પર તરતું એક ‘સ્વાયત્ત શહેર’ અને અમેરિકી સૈન્ય શક્તિનું જીવંત ઉદાહરણ છે. વ્યૂહાત્મક મહત્વ વર્તમાન ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિમાં, ખાસ કરીને ઇન્ડો-પેસિફિક (ભારત-પ્રશાંત) અને મધ્ય પૂર્વના વિસ્તારોમાં, યુએસએસ અબ્રાહમ લિંકનની હાજરી શાંતિ જાળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેની ક્ષમતા માત્ર યુદ્ધ લડવાની જ નહીં, પરંતુ સંભવિત દુશ્મનોને રોકવાની પણ છે. તકનીકી અને સૈન્ય કૌશલ્ય આ કેરિયર 90 થી વધુ વિમાનો અને હેલિકોપ્ટર લઈ જઈ શકે છે, જેમાં અત્યાધુનિક F-35C લાઈટનિંગ ફાઈટર જેટ્સનો પણ સમાવેશ થાય છે. બે ન્યુક્લિયર રિએક્ટર દ્વારા સંચાલિત આ જહાજ દાયકાઓ સુધી ઈંધણ ભર્યા વિના સતત કાર્યરત રહી શકે છે. આશરે 5,000 થી વધુ નૌસૈનિકોના સમર્થન સાથે, તે કોઈપણ આપત્તિમાં માનવીય સહાય પૂરી પાડવાની પણ ક્ષમતા ધરાવે છે. શાંતિના રક્ષક તરીકેની ભૂમિકા તાજેતરના વર્ષોમાં દક્ષિણ ચીન સાગર અને પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે, ‘લિંકન’ ની તૈનાતીએ સાબિત કર્યું છે કે તે દરિયાઈ વેપાર માર્ગોને સુરક્ષિત રાખવા માટે પ્રતિબદ્ધ છે. તેની હાજરી મિત્ર દેશોને સુરક્ષાનો અહેસાસ કરાવે છે અને મુક્ત દરિયાઈ અવરજવર ના સિદ્ધાંતને મજબૂત કરે છે. છેલ્લા કેટલાક દાયકાઓથી એશિયા-પેસિફિક ક્ષેત્ર વૈશ્વિક રાજકારણ અને અર્થતંત્રનું કેન્દ્રબિંદુ બન્યું છે. આ ભૌગોલિક વ્યૂહરચનામાં સૌથી મહત્વનું પાસું છે–એશિયામાં અમેરિકાની સૈન્ય હાજરી. જાપાન, દક્ષિણ કોરિયા અને ફિલિપાઈન્સ જેવા દેશોમાં ફેલાયેલા અમેરિકી સૈન્ય મથકો માત્ર સંરક્ષણની દીવાલ નથી, પરંતુ બદલાતા વૈશ્વિક સમીકરણોનું પ્રતિબિંબ પણ છે. સુરક્ષાનું કવચ અને સત્તાનું સંતુલન અમેરિકાના એશિયામાં સૈન્ય મથકો રાખવા પાછળના મુખ્યત્વે બે કારણો છે એક પ્રાદેશિક સ્થિરતા અને ઉત્તર કોરિયાના પરમાણુ જોખમો સામે દક્ષિણ કોરિયા અને જાપાન જેવા સાથી દેશોને સુરક્ષા આપવી. ચીનનો ઉદય: દક્ષિણ ચીન સાગરમાં ચીનની વધતી જતી આક્રમકતાને રોકવા અને મુક્ત દરિયાઈ વેપાર માર્ગો ખુલ્લા રાખવા. વધતો જતો આંતરિક અને બાહ્ય વિરોધ જોકે, આ સૈન્ય મથકો હંમેશા વિવાદોથી પર રહ્યા નથી. સ્થાનિક સ્તરે, ખાસ કરીને જાપાનના ઓકિનાવામાં, અમેરિકી સૈનિકોની હાજરી સામે ભારે વિરોધ જોવા મળે છે. અવાજનું પ્રદૂષણ, અકસ્માતો અને ગુનાહિત પ્રવૃત્તિઓ જેવા મુદ્દાઓ સ્થાનિક પ્રજામાં અસંતોષ જગાડે છે. બીજી તરફ, ચીન અને રશિયા આ મથકોને ‘ઘેરાબંધી’ તરીકે જુએ છે. તેમના મતે, એશિયામાં અમેરિકી દખલગીરી શાંતિ સ્થાપવાને બદલે શસ્ત્રોની સ્પર્ધા ને પ્રોત્સાહન આપી રહી છે. નિષ્કર્ષ આજે જ્યારે એશિયા આર્થિક મહાસત્તા બનવા તરફ જઈ રહ્યું છે, ત્યારે સુરક્ષા અને સ્વાયત્તતા વચ્ચેનું સંતુલન જાળવવું અનિવાર્ય છે. અમેરિકી મથકો એશિયાના સાથી દેશો માટે ‘વીમા પોલિસી’ સમાન છે, પરંતુ તેનો અતિરેક પ્રાદેશિક તણાવ વધારી શકે છે. ભવિષ્યમાં, એશિયાના દેશોએ પોતાની સુરક્ષા માટે માત્ર અમેરિકા પર નિર્ભર રહેવાને બદલે પરસ્પર સહયોગ અને રાજદ્વારી ઉકેલો પર વધુ ભાર મૂકવો પડશે. તો બીજી તરફ ઈરાનની શક્તિને પણ નકારી શકાય તેમ નથીપશ્ચિમ એશિયાના ભૂરાજકીય નકશા પર જ્યારે પણ નજર નાખવામાં આવે, ત્યારે ઈરાન એક એવા પક્ષ તરીકે ઉભરી આવે છે જેને અવગણવો કોઈપણ મહાસત્તા માટે અશક્ય છે. દાયકાઓથી આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો અને આર્થિક દબાણ હેઠળ હોવા છતાં, ઈરાને પોતાની ‘શક્તિ’ જે રીતે જાળવી રાખી છે અને વિસ્તારી છે, તે આશ્ચર્યજનક પણ છે અને ચિંતાજનક પણ. સૈન્ય અને ટેકનોલોજીકલ કૌશલ્ય ઈરાનની અસલી તાકાત તેની પરંપરાગત સેના અસયમેટ્રિક વોરફેર ક્ષમતામાં રહેલી છે. ઈરાન પાસે મધ્યપૂર્વમાં સૌથી મોટો મિસાઈલ ભંડાર છે. તેની ‘ફતાહ’ જેવી હાઈપરસોનિક મિસાઈલો અને લાંબા અંતરની બેલેસ્ટિક મિસાઈલો રક્ષણાત્મક અને આક્રમક બંને રીતે તેને મજબૂત બનાવે છે. તાજેતરના વૈશ્વિક સંઘર્ષોમાં ઈરાની ડ્રોન્સે પોતાની ક્ષમતા સાબિત કરી છે. ઓછા ખર્ચે આધુનિક સંરક્ષણ પ્રણાલીને પડકારવાની આ કળામાં ઈરાન આજે અગ્રેસર છે. ઈરાનની શક્તિ માત્ર તેની સરહદો સુધી મર્યાદિત નથી. લેબેનોનમાં હિઝબુલ્લાહ, યમનમાં હુથી બળવાખોરો અને ઈરાક તથા સીરિયામાં સક્રિય વિવિધ જૂથો દ્વારા ઈરાને એક એવું ‘રેઝિસ્ટન્સ નેટવર્ક’ તૈયાર કર્યું છે, જે ઈઝરાયેલ અને અમેરિકાના હિતો માટે સતત પડકાર બની રહે છે. આ ‘સોફ્ટ પાવર’ અને ‘પ્રોક્સી વોર’નું મિશ્રણ ઈરાનને પ્રાદેશિક સંતુલનમાં પલ્લું ભારે રાખવામાં મદદ કરે છે. પરમાણુ મહત્વાકાંક્ષા અને આર્થિક લડત ઈરાનનો પરમાણુ કાર્યક્રમ હંમેશા વિશ્વ માટે ચર્ચાનો વિષય રહ્યો છે. ટેકનિકલ અવરોધો અને પ્રતિબંધો છતાં, યુરેનિયમ સંવર્ધનની ક્ષમતા વધારીને ઈરાને સાબિત કર્યું છે કે તે દબાણ સામે ઝૂકવા તૈયાર નથી. જોકે, આ જ શક્તિ પ્રદર્શન તેના સામાન્ય નાગરિકો માટે આર્થિક બોજ પણ લાવ્યું છે. હાલમાં જે હોર્મુઝ ખાડીને અમેરિકાએ ઘેરી લીધી છે તે ઈરાન માટે નબળું પાસું છે. હોર્મુઝની ખાડી ઓમાન અને ઈરાનને અલગ કરે છે, જે પર્સિયન ગલ્ફને ઓમાનની ખાડી અને અરબી સમુદ્ર સાથે જોડે છે. તેની પહોળાઈ સૌથી સાંકડા બિંદુએ માત્ર 33 કિલોમીટર જેટલી જ છે. દુનિયાના કુલ તેલ વપરાશનો લગભગ ૨૦% થી ૨૫% હિસ્સો અહીંથી પસાર થાય છે. સાઉદી અરેબિયા, ઈરાન, UAE, કુવૈત અને ઈરાક જેવા મોટા તેલ નિકાસકારો માટે આ એકમાત્ર દરિયાઈ માર્ગ છે. આર્થિક અસ્થિરતાનું જોખમ જો આ માર્ગમાં સહેજ પણ અવરોધ આવે, તો તેની અસર સીધી વૈશ્વિક તેલના ભાવો પર પડે છે. ભારત, ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા એશિયન દેશો તેમના ક્રૂડ ઓઈલ માટે આ માર્ગ પર સૌથી વધુ નિર્ભર છે. જો અહીં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય, તો તેલના ભાવ આસમાને પહોંચી શકે છે, જે આખા વિશ્વમાં મોંઘવારીનું મોજું લાવી શકે છે. હોર્મુઝની ખાડી હંમેશા ઈરાન અને અમેરિકા વચ્ચેની ‘શતરંજ’નું મેદાન રહી છે. ઈરાન ઘણીવાર ધમકી આપે છે કે જો તેના પર પ્રતિબંધો વધારવામાં આવશે, તો તે આ ખાડી બંધ કરી દેશે. સામે પક્ષે, અમેરિકા અને તેના સાથી દેશો આ માર્ગને ખુલ્લો રાખવા માટે ત્યાં સતત નૌકાદળની હાજરી જાળવી રાખે છે.ભારત માટે ચિંતાનું કારણ ભારત તેની જરૂરિયાતનું મોટાભાગનું તેલ પર્સિયન ગલ્ફ દેશોમાંથી આયાત કરે છે. ખાડીમાં અસ્થિરતા એટલે ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો. ભારતીય નૌકાદળ ઘણીવાર આ વિસ્તારમાં પોતાના વેપારી જહાજોની સુરક્ષા માટે ‘ઓપરેશન સંકલ્પ’ જેવા અભિયાન ચલાવે છે. હોર્મુઝની ખાડી એ સાબિત કરે છે કે વિશ્વ કેટલું પરસ્પરાવલંબી છે. અહીં થતી એક નાની હિલચાલ પણ વિશ્વના ખૂણે ખૂણે પહોંચેલા રસોડાના બજેટને હલાવી શકે છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે રાજકીય મતભેદોને કારણે આ ‘ગ્લોબલ ટ્રાફિક’ ક્યારેય અટકે નહીં.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### બીઆરટીએસનું બસ સ્ટેન્ડ ક્યારે બનશે?

શ્રીમાન, બીઆરટીએસ બસની સુવિધા જે પાલ-આરટીઓથી ગૌરવપથ થઈ ભેસાણ સુધીની બસનું આયોજન થવું જોઈએ અથવા પાલ આરટીઓથી ગેલેક્સી સર્કલ થઈ ન્યુ એલપી સવાણી સ્કૂલ (પાલનપુર) સુધીની વ્યવસ્થા થવી જોઈએ કેમકે આ રોડ પર પબ્લિક ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા નથી. આ બાબતની વ્યવસ્થા કરવા ઓનલાઈન એસએમસી પોર્ટલ પર પણ જાણ કરીશ અને એમને એવું કહ્યું છે કે એકવાર બસ સ્ટેન્ડ બની જાય ત્યાર પછી ચાલુ કરવાની છે. છતાં આપણે બસ સ્ટોપની રાહ જોયા વગર આ બસ રૂટ પ્રાયોગિક ધોરણે ચાલુ કરી શકાય.

**સુરત - એસો. પ્રો. બી. જે. લાડ**

### યુ.જી.સી. એક્ટ બીલ અયોગ્ય

કેન્દ્ર સરકાર યુ.જી.સી. એક્ટ બીલ લાવવાનો નિરર્થક અને બિનવ્યવહારુ પ્રયત્ન કરી રહ્યા છે જે ભારત જેવા લોકશાહી દેશ જ્યાં બધાને સમાન અધિકાર છે. એના સંપૂર્ણ વિરોધમાં આ કાયદો છે. આવા જાતિ ભેદભાવવાળાં બીલો લાવીને શું સરકાર બ્રાહ્મણો, રાજપૂતો અને અન્ય સુવર્ણ વર્ગોને સીધે-સીધો અન્યાય કરવા માંગે છે. આવાં નિરર્થક-અયોગ્ય બીલોને પરિણામે દેશમાં જાતિવાદી હિંસા અને વિરોધોમાં ઝુલુસો નિકળશે. જે ભારત દેશની એકતા અને પ્રભુતા માટે ખૂબ જ ઘાતક પુરવાર થશે. એક તરફ દેશના પી.એમ. એવું કહે છે કે હું નોકરી, શિક્ષા કે અન્ય કોઈ પણ ક્ષેત્રોમાં અનામતનો વિરોધી શું તો આ યુ.જી.સી. શું છે? વર્તમાન સરકાર તાત્કાલિક આવા યુ.જી.સી. કાયદા પાછા ખેંચે જે તેમના માટે હિતકારી છે.

**સુરત - રાજુ રાવલ**

### સુસાઈડ સેવિયર ફેનની શોધ કરતી મુંબઈની વિદ્યાર્થિની

તાજેતરમાં એક પેટન્ટને માન્યતા મળી છે. વાત એમ છે કે કલ્યાણ મુંબઈ બી.કે. બિરલા પબ્લિક સ્કૂલની ધો.10ની પંદર વર્ષની વિદ્યાર્થિનીએ અનુષ્ઠાનંદા વિદ્યાર્થીઓ સ્મલીંગફેન સાથે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરવાના છાપાના સમાચારથી વ્યથિત થઈ. જેથી એને એવો ફેન બનાવવો જોઈએ કે જે આવી દુઃખદ પરિસ્થિતિ અટકાવી શકે. સામાન્યતઃ એન્જિનિયરીંગને મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓના તીવ્ર સ્પર્ધાને કારણે સ્ટ્રેસ અનુભવી એકલતાનો સામનો ન કરી શકતા હોસ્ટેલની રૂમમાં જ આત્મહત્યા કરી લેતાં હોય છે. એ ફેનમાં એવું મોડયુલ છે કે જેમાં વોર્ડન, માતાપિતા અથવા સંબંધિત અધિકારીશ્રીઓના ફોન નંબર નોંધેલા હોય છે જે પાંચ જ સેકંડમાં આ ફેન વધારાનું વજન શોધી કાઢી તુર્ત જ કોલ કરી દે છે. સિસ્ટમ વિદ્યાર્થીને ચેતવણી આપ્યા વિના આ કામ કરે છે ને પંખાને તોડતી પણ નથી. એલાર્મ તુર્ત જ સિગ્નલ મોકલે છે જેથી જે તે સ્વજનને જાણ થઈ જાય છે. આ પંખો સામાન્ય પરિસ્થિતિમાં છતના પંખાની જેમ કામ કરે છે. જો કે એ એક સ્માર્ટ સિક્યોરિટી મેકેનિઝમ ધરાવે છે ને પહેલેથી નોંધાયેલા ફોન નંબર પર જાણ કરી દે છે. જેથી ઉજ્જવળ ભવિષ્ય વિદ્યાર્થીની જિંદગી બચી જાય છે. એના પિતા ડો. શ્યામસુંદર નંદી વિજ્ઞાનિક અને માતા સંચિતા નંદી સેન્ટ્રલ રેલવે જુનિયર કોલેજમાં લેક્ચરર હતાં. આ ફેન આત્મહત્યા અટકાવવા મદદ કરે છે. આ દુરંદેશી તેજસ્વી દીકરીએ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન સ્પર્ધાઓમાં ભાગ લઈ અનેક પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે.

**સુરત - રમિલા પરમાર**

### શું વાત વિચાર કરવા જેવી નથી?

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે. આ બાબતે પહેલાં તો આપણા પોલીસતંત્રને સલામ. કેટલાયે બુટલેગરોના દારૂ ગાળતા કે દારૂ સપ્લાય કરતા રેડ કરી પકડવામાં આવ્યા છે. ખુલ્લેઆમ ટ્રક, રીક્ષા, કાર જેવાં વાહનોમાં વહન થતાં લાખો કરોડોનો દારૂ પકડાયા છે. ધન્ય છે એ પોલીસકર્મીઓને જેઓ રેસ લગાવી ફિલ્મી ઢબે કાર આંતરી જાન જોખમમાં મૂકીને પણ દારૂ પકડવામાં આવે છે. ધન્યવાદ છે પોલીસકર્મીની બુધ્ધિમતા અને સાહસને. પોલીસતંત્ર દ્વારા કરવામાં આવેલ કાર્ય ખરેખર પ્રશંસાપાત્ર છે. સમય બડા બળવાનની રાહે તો આ તંત્ર સામે હવે આંગળી થાય છે. પોલીસતંત્ર જ ખાખીને લજવવાનું કામ કરી રહી હોય તેવું જણાય છે. પોલીસવાનમાં જ પોલીસ દારૂ લાવતાં પકડાયા છે. બુટલેગરો, પીએસઆઈથી માંડી ઉપરી અધિકારીઓને હપ્તા પહોંચાડી આ જ તંત્રની મદદકારી લે છે અને હપ્તા લેતાં પણ પોલીસકર્મીઓ પકડાયા છે. આપણા ગુજરાતમાં દારૂબંધી છે એવું રટણ કરી અને સ્માર્ટ સીટીને દારૂ પીવાની છૂટ આપી મોટા મોટા મહોત્સવોનું આયોજન કરી ફોટા પડાવી ફકત ને ફકત પ્રજાને ભેગા કરે છે. મોરા ભારત મહાન મનરેગા યોજનામાંથી ગાંધીનું નામ જેમ હટાવવામાં આવ્યું છે તેમ ગાંધીનું ગુજરાતમાંથી ગાંધી નામ હટાવી આજનું વિકસિત ગુજરાત નામ પ્રધાનો કે મંત્રીઓએ આપવું પડશે. ઉપરોકત તમામ બાબત ખાસ કરીને ગુજરાતની જનતા માટે વિચાર કરવા જેવી બાબત છે. બાકી બધું આપણી સરકાર પર આધાર.

**નવસારી - એન. ગરાસિયા**

### યાત્રાધામમાં સતર્કતા

શ્રીકૃષ્ણ હિંદુ ધર્મના અતિ પ્રિય આરાધ્ય દેવ છે. એમના જન્મ સ્થળે અને જયાં એમણે લીલા કરી હતી એ યાત્રાસ્થળે જવાનું પ્રત્યેક હિંદુ ભકતનું સ્વપ્ન હોય છે. મથુરા અને વૃંદાવન યાત્રાધામ તરીકે અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. યાત્રાધામ તરીકે ઉત્તમ છે જ પરંતુ ત્યાં અનહદ શ્રધ્ધાળુઓની ભીડ દશ્યમાન થાય છે. બાંકેબિહારી, પ્રેમમંદિર, રાધાવલ્લભ બરસાના વિ. મંદિરમાં ભીડને કારણે જો કોઈ વ્યકિત સંતુલન ગુમાવે તો ભકતો એ વ્યકિતને ઊભો કરવાને બદલે એના ઉપરથી પસાર થઈ જાય છે જે અનહદ ધૃણાસ્પદ કહેવાય. ત્યાં વાંદરા અને શ્વાનનો પણ ત્રાસ અનહદ છે. ચશ્મા, મોબાઈલ, પ્રસાદ, પર્સ વિ. કપિરાજ છીનવી લે છે! બિસ્કીટ કે ફ્રૂટી આપવામાં આવતાં એ પરત પણ કરે છે! વળી આટલા બધા યાત્રાળુઓ આવે છે પણ ત્યાં ગટર સિસ્ટમ નથી. વૃંદાવન, ગોકુળ, બરસાના તમામ સ્થળે રસ્તાની બેઉ બાજુ ગટરગંગા વહેતી હોય છે જેની દુર્ગંધથી ત્રાસ થઈ જાય છે. ગટર પર ઢાંકણ લગાવવાનું પણ પ્રશાસનને સૂઝતું નથી! ભકતો પણ વિના સંકોચે ત્યાં ખાદ્યપદાર્થો આરોગે છે! દૂધનો અનહદ બગાડ થાય છે. શ્રધ્ધાની વાત છે. પણ અંધશ્રધ્ધા શું કામની? યાત્રાળુઓ પણ સ્વયં શિસ્ત જાળવતાં નથી જ. ગંદકી ફેલાવવામાં ભકતોનો ફાળો પણ અગ્રગણ્ય છે. અજાણ્યા યાત્રાળુઓને રીક્ષાચાલકો મનફાવે તેમ લૂંટે પણ છે. અમુક મંદિર અતિસ્વચ્છ પણ છે. જેની નોંધ લેવી જ રહી. પણ રસ્તા, ગટર, ગંદકી વિ.થી અને કપિરાજથી ચેતતા રહેવું સાવધ રહેવું જરૂરી.

**સુરત - નેહા શાહ**

### બોર્ડની પરીક્ષા જીવનનો અંતિમ પડાવ નથી

બોર્ડની પરીક્ષા શરૂ થવાની હોય એટલે ફક્ત વિદ્યાર્થીઓ જ નહીં એમના વાલીઓનો તણાવ પણ વધી જતો હોય છે. વાલીઓની અપેક્ષા એવી હોય છે કે તેમનું સંતાન ખૂબ જ ઊંચી ટકાવારી મેળવે જેને પરિણામે બાળકો ખૂબ જ ટેન્શન અનુભવે છે. બોર્ડની પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ ખૂબ જ દબાણને કારણે હતાશામાં ધકેલાઈ નહીં જાય તેનું વાલીઓએ ધ્યાન રાખવું જોઈએ. વિદ્યાર્થીએ પોતાની આખા વર્ષની મહેનત વેડફાઈ નહીં જાય તે માટે પરીક્ષાનો ભય મનમાંથી કાઢીને નાખીને પરીક્ષા આપવી જોઈએ. પોતાની સમગ્ર વર્ષની તૈયારી પર વિશ્વાસ રાખીને વિદ્યાર્થી મુક્ત અને પ્રફુલ્લિત મને પરીક્ષા આપે તે ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીઓના મનમાં પરીક્ષાનો ડર ઉપસ્થિત નહીં થાય તે માટે વાલીઓએ પણ સંતાનોને સતત હુંફ, પ્રેરણા તથા પ્રોત્સાહન આપતા રહેવું જોઈએ. વિદ્યાર્થીએ પરીક્ષામાં સફળતા કે નિષ્ફળતાની ચિંતા કર્યા વિના પોતાની જાત પર ભરોસો રાખીને પરીક્ષાનો ભય છોડીને પરીક્ષા આપવી જોઈએ. વાલીઓએ ધ્યાન આપવું જોઈએ કે બોર્ડની પરીક્ષા એ જીવનનો અંતિમ પડાવ નથી. મા-બાપે પણ સંતાનની બોર્ડની પરીક્ષા દરમિયાન હકારાત્મક ભૂમિકા ભજવવાની છે. બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને જવલંત સફળતા મેળવે તે માટે હૃદયપૂર્વક શુભકામના પાઠવું છું.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

# નક્કર છતાં નમણા અવાજની નવલકથા

અક્ષરની આરાધના

સંપાદનઃ નરેશ શુક્લ

ભારતી રાણેની બીજી નવલકથાનું નામ છે ‘સિન્થિયા’. આ પહેલાં 2013માં ‘પાંખેથી ખર્યું આકાશ’ નામે નવલકથા આપી ચૂક્યાં છે. ભારતી રાણે સવિશેષરૂપે જાણીતાં છે પ્રવાસ-નિબંધોથી અને એ કારણે પણ મને એમના શબ્દમાં રસ પડ્યો. નવલકથાના લોકાલ પણ દેશ અને વિદેશમાં પ્રસરતા રહ્યા છે. વિવિધ સંસ્કૃતિઓનું સામંજસ્ય એમની રચનાઓમાં જૂદા જ પરિમાણથી ઝીલાયું છે. એમાં ભારતીય મૂલ્યોના વિશેષો માનવજાતને કેવાં કામ લાગી શકે-ની વિચારણા પણ સંમિલિત હોય છે. આ પાસું એમની રચનાઓને અનોખી બનાવે છે. આ નવલકથાની પ્રસ્તાવનામાં એમણે લખ્યું છે- ‘મનમાં હતું કે એક એવી કૃતિ સર્જું જેમાં મને મળેલી જીવન પ્રત્યેની સમજનો નિચોડ હોય અને વિસંવાદો શમાવવાનું બળ હોય. અભિલાષા તો એવી પણ ખરી કે, જે મનમાં સ્ફુરે અને દૃઢતાથી અનુભવાય તે લખું. જે પણ લખું તે પૂરતા અભ્યાસ પછી લખું અને હ્રદયને કાગળ ઉપર ઊતારવા બેસું, ત્યારે કોઈ પણ પ્રકારની ભીતિ વગર માત્ર મનની તૃપ્તિ માટે લખું. મનમાં તો એમ પણ હતું કે, મારી કલ્પનાની આદર્શ સ્ત્રીનું અને આદર્શ પુરુષનું એકએક પાત્ર સર્જું, પરંતુ કોઈ વિશાળ કલ્પનાને માત્ર એક પાત્રમાં ઠાંસી-ઠાંસીને શી રીતે ભરી શકાય ,માટે જ મારા કલ્પનાચિત્રના રંગો બધાં પાત્રોમાં થોડા-થોડા વેરાયેલા દેખાશે. પ્રસ્તુત કથા મારા મનમાં વસેલા આદર્શોનું સુયોગ્ય ચિત્ર ઉપસાવી શકશે, તો એ મારો પરમ સંતોષ હશે. કશુંક કહેવાની ખેવના વગર લખવું મને ક્યારેય ફાવ્યું નથી. પણ એ કહેવાની રીત મારી પોતાની છે અને એને વફાદાર રહેવા હું પ્રતિબદ્ધ છું. હું ફેમિનિસ્ટ નહોતી. આજે પણ નથી. પરંતુ ગઈ કાલ અને આજ વચ્ચેનો સમયખંડ હું દિલથી જીવી છું. સ્ત્રીરોગ ચિકિત્સક હોવાને નાતે ગઈ કાલની અને આજની સ્ત્રીઓના સતત સંપર્કમાં રહેવાનું બન્યું છે, એટલે વિશ્વાસપૂર્વક કહી શકું કે, એ બંનેને હું હ્રદયપૂર્વક જોઉં છું. એ બંનેની સામાજિક પરિસ્થિતિ અને સ્ત્રીસહજ માનસિકતાના પરિપ્રેક્ષ્યમાં સમકાલીન સ્ત્રી-જીવનમાં બે અન્તિમો વચ્ચેની કોઈ આદર્શ અવસ્થા મથામણ અને કોશિશ મનમાં રહી છે. (નિવેદન- સમયને સમર્પિત શબ્દો)

લેખિકાના નિવેદનમાં જે કેટલીક અંકે કરવા જેવી વાત નીકળી આવી તે પહેલાં જોઈ લઈએ– એવી કૃતિ સર્જવી છે જેમાં જીવન પ્રત્યેની સમજનો નિચોડ હોય, વિસંવાદિતા શમાવવાનું બળ હોય, આત્મસ્ફુરણા અને સમાન્તરે અભ્યાસનું બળ હોય, આત્માની તૃપ્તિ પણ હોય. આદર્શ સ્ત્રી-પુરુષ સર્જવા. આ નવલકથા લખવા માટેના ઉદ્દેશ જણાવ્યા ને પછી લખ્યું છે કે કશુંક કહેવું એ હંમેશનો પ્રયાસ હોય છે. લખવા ખાતર લખનારાં કે માત્ર કલાકૃતિ માટે લખનારાં સર્જક નથી. કટ્ટર ફેમિનિસ્ટ નથી અને સ્ત્રીરોગના નિષ્ણાત હોવાથી અનેક સ્ત્રીઓનો નિકટતમ પરિચય કેળવ્યો છે. આ સાથે આપણા તરફથી ઉમેરવાનું રહે કે એ વિશ્વપ્રવાસી છે. સાઠ-સિત્તેર જેટલા દેશોમાં ફર્યાં છે અને પ્રવાસ-નિબંધો તો આપ્યા જ છે પણ એથીયે વિશેષ અનેક દેશોનાં સામાન્ય માણસોની સાથે ઘરોબો પણ કેળવ્યો છે. આ બધું જ આ નવલકથા નિમિત્તે કેવી રીતે આલેખાયું છે તે જોવાનું રસપ્રદ બની રહે.

આધુનિક ગાળામાં નવલકથા અને લઘુનવલના ભેદની ખાસ્સી ચર્ચા થઈ. ઘણી લઘુ નવલકથાઓ પણ ગુજરાતી સાહિત્યમાં જન્મી આવી. આ સિન્થિયા કદમાં નાની છે પણ એકદમ લઘુનવલની વ્યાખ્યામાં ફિટ બેસાડી શકાય નહીં. એ દિશામાં જવાનો મારો પ્રયત્ન પણ નથી.

અનુઆધુનિક ગાળામાં એક લાક્ષણિકતા ઉભરી આવી એ છે બહુસંસ્કૃતિવાદ અને બજારવાદ. એક સમયે બહુ ઓછાં લોકો માટે શક્ય હતું એ બદલાઈને હવે સામાન્યજન પણ વિશ્વપ્રવાસી બની શક્યો છે. કેમકે, વાહનવ્યવહાર અને નવી વ્યવસ્થાઓએ મુસાફરીને પ્રમાણમાં સરળ બનાવી છે. એ કારણે વિવિધ દેશોની પ્રજા એકબીજાને આસાનીથી મળવા-હળવા અને એકબીજા પર વ્યક્તિગત રીતે જ નહીં, સમૂહના સ્તરે પણ અસર પાડી રહી છે ત્યારે સાંસ્કૃતિક આદાનપ્રદાન, મૂલ્યોનો વ્યાપક સ્વીકાર પણ વધતો ચાલ્યો છે. વિશ્વમાં ક્યાંય પણ વસનારો સામાન્ય જન ઇચ્છે છે કે વિશ્વમાં બધે જ શાંતિ હોય, સમાનતા હોય અને સૌને પોતપોતાના અસ્તિત્વને અર્થપૂર્ણ બનાવીને જીવવાની મોકળાશ હોય. એકબીજાનો જે છે તે સ્વરૂપમાં સ્વીકાર હોય. આ વાત નવલકથાનું રૂપ ધરીને આવી છે. મૂળ ભારતીય પણ જન્મે વિદેશી છે એવી સિન્થિયાને ઘરના વાતાવરણમાંથી ભારતીય સંસ્કાર, ભાષા અને મૂલ્યો મળ્યાં છે. એ વિશિષ્ટ છે, પત્રકારત્વનું ભણ્યા પછી નવી દિશામાં ઊડવાની હામ છે, કશુંક એવું કરવું છે જે અપૂર્વ તો હોય જ, સાથે ઉપરના વિચારોને મૂર્તિમંત કરનારું પણ હોય. રચનાત્મક પત્રકારત્વની દિશામાં એણે વધવું છે. મુંબઈમાં આવીને એક ચેનલ શરૂ કરે છે જેમાં દેશમાં બનતી કેટલીયે પોઝિટિવ સ્ટોરીને પ્રગટાવવી છે, નકારાત્મક ઘટનાઓને મુકાબલે કળા, સંસ્કારો, માનવમૂલ્યોને પ્રસારવાની નેમ સાથે એક ટેલિવિઝન શો શરૂ કરે અને એમાં એક વિશિષ્ટ કાર્યક્રમ જેમાં એ આત્મકથન કરવાની છે. જાહેરમાં અંગત સ્તરે લઈ જવાના આ શોને જોરદાર પ્રતિસાદ મળે છે, સમાન્તરે જાતની કસોટી પણ થાય છે. આ ટેક્નિકથી એમણે અનેક સામાજિક સમસ્યાઓના પ્રશ્નોને મૂકવાનો રસ્તો શોધ્યો છે. વિશ્વભરમાં ચાલતી અશાંત યુદ્ધની ઘટનાઓ, રાજકીય પ્રવાહો, બાળકો અને સ્ત્રીઓની જે ખરાબ હાલત કશા પણ દેખીતા કારણ વિના થાય છે- એનો ચિતાર આપણી સામે રસિક કથાનું રૂપ ધરીને આવતો જાય છે. આ સંઘર્ષોનું આલેખન હોવા છતાં એમાં લેખિકાનો કોઈ બોલકો આક્રોશ નથી, એ સમજે છે માનવમનને. સદીઓથી ચાલી આવતી યુદ્ધોની ઘટનાઓને અને બેહાલ થતાં સમાજોને એમણે જોયા છે અને એટલે એક તાટસ્થ્ય સાથે તેઓ આલેખે છે. પત્રકારત્વ કેવું હોવું જોઈએ એવું સૂચન કરવાને બદલે આ પાત્ર નિમિત્તે એમણે જે રસ્તાઓ દર્શાવ્યા છે તે અદ્ભુત અને આવકારદાયક છે. એના વિષયો અને એમાંથી પ્રગટતી સંવેદનાઓ આપણને સૂક્ષ્મ બોધ કરાવવાને બદલે, વલણ બદલવાની દિશાને ચીંધનારું બને છે.




**આ નવલકથાની પ્રસ્તાવનામાં એમણે લખ્યું છે- ‘મનમાં હતું કે એક એવી કૃતિ સર્જું જેમાં મને મળેલી જીવન પ્રત્યેની સમજનો નિચોડ હોય અને વિસંવાદો શમાવવાનું બળ હોય. અભિલાષા તો એવી પણ ખરી કે, જે મનમાં સ્ફુરે અને દૃઢતાથી અનુભવાય તે લખું**

સિન્થિયાનું અંગત જીવન, એનાં સ્વપ્નો, એવા જ એક એગ્રેસિવ પ્રોજેક્ટના ભોગે ભોગ બનેલો એનો સાથી અને પ્રેમી અને એની સાથેનું જોડાણ સરસ આલેખન પામ્યાં છે. એને ગુમાવવાનો આઘાત પામેલી સિન્થિયા જે રીતે ઊર્ધ્વગમન કરે છે યુદ્ધગ્રસ્ત સિરિયાનાં લોકોને જોર્ડનના ઝાતરી ખાતે બનાવેલ નિરાશ્રિત કેમ્પમાં. મિત્ર હિલ્ડાના આમંત્રણે ત્યાં પહોંચે અને બીજાના દુઃખને, યુદ્ધની વિભીષિકાને નજરે જુએ, એની ભાષા શીખીને ભોગ બનેલ સ્ત્રી-પુરુષો, બાળકો અને વૃદ્ધોની હાલતને અનુભવે છે એ આ કથાનું બીજું કેન્દ્રબિંદુ તરીકે જોઈ શકાય. એની સમાન્તરે બીજી ઘટના અમેરિકામાં ઘટી રહી હોય છે જેનું સન્ધાન અચાનક કૃતિપ્રવેશ પામતી ડોકટર નીરજાના કથનમાં પ્રગટે છે. એના ચારેક એપિસોડમાં ચાલતી કથા હકીકતે તો એક સ્મૃતિભ્રંશનો શિકાર બનેલી વિદુષી ડોરોથીની કથા હોય છે. એક મનોચિકિત્સક અને દર્દીનું જે વણાટ અહીં આલેખાયું છે તે અનન્ય છે. ડિમેન્શિયાનો શિકાર કઈ રીતે બની એ સ્ત્રી એની પ્રત ક્રમશઃ ખૂલતી જાય છે અને આપણી સામે માનવચિત્તમાં પ્રેમની અનુભૂતિ અને એના કારણે રચાતું ઐક્ય અને એકબીજાનું જોડાણ પણ પ્રગટે છે અને સાથે સાથે તૂટતો વિશ્વાસ, બીજેથી પ્રેમ પામવાની સાથીની ભૂખ કઈ રીતે કવિહ્રદયી એવી ડોરોથી પર અસર કરે છે એનું ગુંફન રહસ્યની તરાહથી કરાયું હોવાથી નવલકથાનું મોટું ચાલકબળ બનીને આવે છે. કોઈ પ્રોબ્લેમ નથી, બધું સાહજિક હોવાનો સ્વીકાર આ કથાને નવાં જ પરિમાણ તરફ લઈ જાય છે. અહીં સિન્થિયાનો સંઘર્ષ અને સમજ પણ ઊર્ધ્વીકરણની દિશામાં છે. નવલકથાને અંતે હવે પત્રકાર તરીકે કોઈ સનસનાટી કે ચેલેન્જ લેવાની જરૂર જણાતી નથી. એ બીજાના જીવનને સમજવાનો જૂદી જ દિશાનો પ્રયત્ન કરે છે. એ જ રીતે ડોક્ટર નીરજા પણ દર્દી એવી ડોરેથીના ભગ્ન હ્રદયને, એણે પોતાની જાત સાથે કરેલ જદ્દોજહેદને અને પરંપરાગત અધિકારભાવથી ઉપર ઊઠીને પ્રેમના પોતાના વિરાટ રૂપને પામી લીધું હોવાની, એ આખા સમયખંડને સમજ સાથે જ ભૂંસી નાંખ્યો હોવાની વાતને સમજે છે. છેલ્લે કોઈ પુરુષ હાથમાં પુષ્પગુચ્છ સાથે મળવા આવતો બતાવ્યો છે- માત્ર સંકેત છે. એ સમયે ડોક્ટર નીરજા પોતાના ભયાનક કુતૂહલને, તરસને બાજુએ રાખી નિર્મમ રીતે તાટસ્થ્ય કેળવે છે- એમાં વ્યક્તિસ્વાતંત્ર્ય તો ખરું જ માણસ તરીકેની મોટી સમજદારી પણ વ્યક્ત થાય છે. સાથ આપવાની અનેરી રીત પણ જડી આવે છે.

નવલકથાનું એ ત્રીજું કેન્દ્ર. આમ જુઓ તો આરંભે પત્રકારત્વનું ભણતી, નવા વાંસ જેમ ફૂટતી સિન્થિયાનું જોશસભર વ્યક્તિત્વ એ નવલકથાની ભૂમિ તૈયાર કરે છે. એનું શો નિમિત્તે પ્રગટ થવું અને યુદ્ધગ્રસ્ત દેશોમાં પ્રત્યક્ષ થઈને વિભીષિકાનાં દારુણ રૂપોને, એમાં યુદ્ધવર્ણનોમાં નથી ગયાં, કુટુંબો, સંબંધો અને ગામોનાં સમૂહો કઈ રીતે વેરવિખેર થયાં એની દિલ પર કાળમીંઢ પથ્થરની જેમ ઝીંકાતી ઘટનાઓ રૂપે આવે છે અને પછી આ કથાનું ત્રીજું કેન્દ્ર બને છે લેખિકા, સ્મૃતિભ્રંશ થયેલી કે જાતે જ સ્વીકાર કરીને નિરવ જીવન જીવવા લાગેલી ડોરેથી- અને એના ચિત્તને ફરી સક્રિય કરવા મથતી મનોચિકિત્સક ડો. નીરજા. આ ત્રણેય બિંદુને સરસ રીતે સાંકળવા માટે ટોક શો-ના ભાગ રૂપે કરાયેલ કથન, એપિસોડ પહેલાં અને પછીની માનસિક અવસ્થા, પત્રો, ફોન, ઇમેઈલ અને શ્રોતા-દ્રષ્ટાઓની પ્રશ્નોત્તરી, ડોરેથીની કવિતાઓ, એની ડાયરીનાં પાનાંઓ, એની સાથેની વાતોના રેકોર્ડિંગ્સ અને એ બધાને કોલાજની કક્ષાએ વણતાં જઈ આ કથાને આલેખવામાં આવી છે. એટલે કેલિડોસ્કોપિક આનંદ આપનારી બની આવી છે. આ પ્રયુક્તિ હોવાથી લેખિકાએ સીધા આવવું નથી પડ્યું, એ કામ બીજા પાસે કરાવી શક્યાં છે.

એમણે ભાષા પર ખાસ્સું કામ કર્યું છે એ દેખાઈ આવે છે. સિરિયન ભાષાનાં વાક્યો, ગુજરાતમાં, મુંબઈમાં અને અમેરિકન વ્યવહારમાં વપરાતા શબ્દો, સ્થળોનાં ઓછાં પણ અસરકારક વર્ણનો આ નવલકથાને મજબૂતાઈ આપે છે. એમ છતાં બે મર્યાદાઓ મને દેખાઈ તે પણ જણાવવી ગમશે. એક તો પુરુષપાત્રો બે-ચાર આવે છે પણ નહીં જેવા. સાવ ગૌણ રૂપે અને માત્ર લટકણિયારૂપે જ. એ પિતા હોય કે એમનાં મિત્ર ગોવિંદભાઈ હોય, ડોરેથીનો પ્રેમી-પતિ હોય કે સિન્થિયાનો મૃત પ્રેમી હોય- એમની હાજરી સાવ નગણ્ય અને લેખિકા સંચાલિત લાગે છે. આખીયે કૃતિમાં એમનો પ્રત્યક્ષ એવો કોઈ પક્ષ મુકાયો નથી. વળી, આદર્શોને સિદ્ધ કરવા મથતી આ પત્રકાર સિન્થિયા અને ડો. નીરજા પણ વૈયક્તિક સંવેદનોને ક્યાંય પ્રગટ કરતી નથી, જે કંઈ કરે છે એ કરાવવામાં આવ્યા હોય એવા ફિલ થાય છે. એટલે ઘણી વાર એવું પણ લાગ્યું કે આ બંને પાત્ર વચ્ચે કોઈ ભેદ નથી. નથી ભાષામાં, નથી વર્તનમાં, નથી આદર્શોમાં કે નથી અંગત જીવનને કહેવામાં. વળી, નવલકથાનું નામ નાયિકા સિન્થિયા પરથી હોવા છતાં અંતે જતાં તો ડો. નીરજા વધારે પ્રભાવી બની છે, એ બધાથી ચડે છે- બધું જ ભૂલી ગયેલી પેલી દર્દી-ડોરેથા કંઈ નહીં બોલીને પણ છવાઈ જાય છે.

(સિન્થિયા (નવલકથા)લે. ભારતી રાણે, પ્ર.આ. 2025, પ્રકા. ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001, કુલ પાનાં- 136, કિં. 160.00 કાચું પૂંઠુ, ક્રાઉન)

## સ્વીકાર-સમાલોચના

### નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ તરફથી નીચેનું પુસ્તક અવલોકનાર્થે મળ્યું છે

**‘શબ્દઃ સૂરજનું સરનામું’ (લલિત નિબંધસંગ્રહ) લે. રમેશ પટેલ, આવૃત્તિ પહેલી, કિ.રૂા. 449.**

વિવિધ સામયિકો, વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલા લલિત નિબંધોના આ સંગ્રહમાં લેખકની એક અનુભૂતિને કાવ્યાત્મકતાની અને કલ્પનાની પાંખે શબ્દરૂપ અપાયું છે. સાચે જ લેખકની કલ્પનાએ એક અનોખી કૃતિનું સર્જન કર્યું છે. પુસ્તકના નિબંધોને લલિત ગદ્ય, ચિંતન ગદ્યસાહિત્ય, સામયિક ગદ્ય સંહિતા, સ્મરણાત્મક નિબંધો, ધાર્મિક ચિંતન, સંસ્મરણાત્મક ગદ્ય, લલિત નિબંધો, સંસ્કૃતિચિંતન ગદ્ય, સાંપ્રત સાહિત્ય ચિંતન જેવા વિભાગોમાં આલેખાયેલા લેખોમાં વિષયવ્યાપ સમાયેલો છે. મુખપૃષ્ઠનું રંગસંયોજન ઊગતા સૂર્યને વ્યક્ત કરી આપે છે. સૂર્યોદયની ક્ષણ જાણે સમજાવે છે કે શબ્દ જ સૂરજનું સરનામું છે. જેમ સૂર્ય ઊગતા જ સમસ્ત સૃષ્ટિ ઝળાંહળાં થઈ ઊઠે છે તેમ શબ્દ પણ આંતરબાહ્ય વિશ્વને ઉજાગર કરે છે. લેખકનો શબ્દ ભાવકના જગતને પ્રકાશોજ્જવલ કરે છે.